Liberty Equality Fraternity

# SAURASHTRA UNIVERSITY

## Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre

[Estb.: Govt. of Gujarat]

Building No.9, Second Floor, University Campus, Rajkot – 360005

Phone No.: (0281) 2578501 (Ext. No.429), E-mail Id: dbachair@sauuni.ac.in, Web : www.bac.org.in

## બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર–સેન્ટર

(ગુજરાત સરકારશ્રી દ્વારા સ્થાપિત)

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ–૩૬૦૦૦૫

BAC/ માતૃશ્રી રમાબાઈ ગ્રામસેવા યોજના–૨૦૨૩–૨૪, તા.૨૮/૦૪/૨૦૨૩

# માતૃશ્રી રમાબાઈ ગ્રામસેવા યોજના : ૨૦૨૩–૨૪

**વંચાણે લીધા**

(૧) ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ઠરાવ ક્રમાંક–અબડ/૧૦૨૦૧૬/૬૩૭૦૫ /હ (IWDMS/:-71550) સચિવાલય ગાંધીનગર તા.૨૯/૦૪/૨૦૧૬

(૨) ન.અજાક ગ–૧/૧/૨૦૧૭–૧૮/૨૨૫૪–૫૮ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય ગાંધીનગર, તા.૨૦/૦૫/૨૦૧૭ની માર્ગદર્શિકા

(૩) ચેર–સેન્ટરની તા.૨૮/૦૪/૨૦૨૩ની સલાહકાર સમિતિમાં થયેલા નિર્ણયો.

## (અ) પ્રસ્તાવના :

વિચાર જીવંત અને શાશ્વત હોય છે. સામાજિક પરિવર્તનમાં વિચાર મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ડૉ. આંબેડકરજીના સ્વાધિનતા અને નવ ભારતનાં નિર્માણ કરવા માટે ગુજરાત સરકારશ્રી દ્વારા રાજ્યની વિવિધ પાંચ યુનિવર્સિટીઓમાં ડૉ. આંબેડકર અધ્યયન પ્રકલ્પ–ચેરની સ્થાપના કરવામાં આવી છે. સરકારશ્રીનો ઉદ્દેશ્ય છે કે, ડૉ. આંબેડકરજીના જીવન, ચિંતનથી સામાજીક વિભેદકારી દિવાલો ભસ્મીભૂત થઈ સમાજમાં લોકમાનસ પર સત્યમ્, શિવમ્ અને સુંદરમ્ સ્વરૂપ સમાજનું નિર્માણ થાય. લોક સુખાકારી વધે, વ્યક્તિત્વના ગૌરવ કરનારી બંધુતાનું નિર્માણ થાય સાથે–સાથે ભાવાત્મક રાષ્ટ્ર નિર્માણ થાય જેમાં સમજદાર સમાજનું નિર્માણ કરવાનો સંકલ્પ સાકાર થશે. આ માટે ગ્રામ્ય વિસ્તારના શ્રમજીવી, શિક્ષિત–અશિક્ષિત લોકો સુધી ડૉ. આંબેડકરનું ચિંતન પહોંચાડવું અનિવાર્ય છે. આ માટે ચેર–સેન્ટર દ્વારા માતૃશ્રી રમાબાઈ ગ્રામ્ય સેવા યોજનાની શરૂઆત કરવામાં આવી રહી છે.

## (બ) યોજનાનું નામ :

**‘ માતૃશ્રી રમાબાઈ ગ્રામસેવા યોજના–૨૦૨૩–૨૪’(MRGSS)**

## (ક) યોજનાનું ધ્યેય :

(૧) ડૉ. આંબેડકરજીના ચિંતનને ખરા અર્થમાં ગ્રામ્ય સમાજના શ્રમજીવી શિક્ષિત–અશિક્ષિત લોકોને સંકલિત કરી લોકો સુધી પહોંચાડવું.

(૨) ગામડાના બાળકોને આધુનિક શિક્ષણ પ્રણાલીથી અવગત કરી તેના સ્વ–વિકાસની ઉતમ તકો ઉત્પન્ન કરવા માર્ગદર્શિત કરવા.

(૩) ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને શિક્ષણ પ્રત્યે જાગૃત કરવા.

(૪) વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટે પ્રેરણા, જાગૃત અને મદદ કરવી.

(૫) વિકાસમાં અવરોધરૂપ રૂઢિઓ અને અંધશ્રદ્ધાઓમાંથી મુક્ત થવા માર્ગદર્શન આપવું.

(૬) મહિલા કલ્યાણલક્ષી યોજનાઓ, સહાયક યોજનાઓ વગેરેની માહિતી ગ્રામ્ય મહિલાઓને આપવી.

(૭) શ્રમજીવી, ખેડૂતો, કુશળ અને અર્ધકુશળ કામદારોને સરકારશ્રીની વિવિધ યોજનાઓથી માહિતીગાર કરવા.

(૮) સમાજમાં રહેલા વિભેદનકારી વિચારો દૂર કરવા માર્ગદર્શન આપી 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના આંબેડકરજીના સ્વપ્નને સાકાર કરવું.

## (ડ) યોજનાના સામાન્ય નિયમો :

(૧) ડૉ. બી.આર. આંબેડકર ચેર–સેન્ટરની માર્ગદર્શિકા અને માનનીય કુલપતિશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના માર્ગદર્શન અનુસાર આ યોજનાની અમલવારી કરવાની રહેશે.

(૨) ચેર–સેન્ટરના સ્ટાફ–સહાયક અધ્યાપકો ગ્રામ્ય વિસ્તારની મુલાકાત લેશે અને યોજનાના હેતુઓ, ઉદ્દેશ્યોને સાકાર કરવા પુરુષાર્થ કરશે.

(૩) યોજનાની અમલવારીમાં ગામડાઓમાંથી એક–એક 'ભીમવિચાર વાહક' સ્થાનિક યુવક, યુવતીઓને આ કાર્યમાં મદદ માટે સહાય લેવામાં આવશે.

(૪) આ યોજનાની વ્યવસ્થિત અમલવારી થાય અને યોજનાના ઉદ્દેશ્યો સિદ્ધ કરવા માટે સરકારી તેમજ બિન સરકારી સંસ્થાનોની મદદ લેવામાં આવશે.

(૫) ચેર–સેન્ટરના અધ્યાપકો પછાત વિસ્તાર કે જ્યાં શિક્ષણનો આભાવ હોય તેવા ગામડાઓની પસંદગી કરશે તેમજ સ્થાનિક શિક્ષિત યુવાનો અને સમાજના પ્રબુદ્ધ લોકોની મદદ લેશે.

(૬) ગ્રામ્ય વિસ્તારમાં સભાઓ ગોઠવી જેમાં ડૉ. આંબેડકરજીના જીવન અને કાર્યને લગતી શોર્ટ ફિલ્મ બતાવવી.

(૭) ગ્રામ્ય વિસ્તારની સભામાં અધ્યાપકશ્રીઓ વ્યાખ્યાન, સંવાદ, ગોષ્ઠિ, ચર્ચા સત્રો વગેરે દ્વારા ડૉ. આંબેડકરજીના વિચારોને પહોંચાડવવા.

(૮) ગ્રામ્ય વિસ્તારમાં યુવક–યુવતીઓને વિવિધિ સ્પર્ધાત્મક પરીક્ષાઓ સંબંધી માર્ગદર્શન આપશે.

(૯) ગ્રામ્ય વિસ્તારના બાળકોને વર્તમાન શિક્ષણ પ્રવાહ સાથે સમન્વય સાધી શકે તે માટે 'જ્ઞાનસેતુ' નિવાસી શાળાઓ, આશ્રમશાળાના, નવોદય શાળાની પ્રવેશ પરીક્ષાઓ, કેન્દ્રિય વિદ્યાલયની પ્રવેશ પરીક્ષાઓ, વિવિધ સ્કોલરશીપની પરીક્ષાઓ વગેરે બાબતે માર્ગદર્શન અને મદદ કરવામાં આવશે.

(૧૦) ગ્રામ્ય વિસ્તારમાં કન્યા–કેળવણી, દિકરી–દિકરાના ભેદ દૂર કરવા બાબતે માર્ગદર્શન આપવામાં આપશે.

(૧૧) આ યોજનાની અમલવારી દરમ્યાન ગામડાઓમાં સમાનતા, બંધુતા અને સમરસતા કેળવાય તે માટેના પ્રયત્નો કરવામાં આવશે.

(૧૨) જે ગામડાઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હોય તેની પ્રથમ પસંદગી કરવામાં આવશે.

(૧૩) સમગ્ર કાર્યક્રમનું વિડિયોગ્રાફી, રેકોર્ડિંગ અને ફોટોગ્રાફી દ્વારા પુરાવાઓ રાખવામાં આવશે.

(૧૪) આ યોજના અંતર્ગત કામગીરી માટે જતા અધ્યાપકોને ઓન ડ્યૂટી ગણવામાં આવશે અને તેઓને ખર્ચ પેટે રૂા.૫૦૦/– પુરસ્કાર કોઈપણ પ્રકારના બિલ વગર આપવામાં આવશે.